હવામાન

	મહત્તમ	લઘુત્તમ
અંકલેશ્વર	૩૯.૦° સે.	૨૨.૦° સે.
બારડોલી	૩૬.૦° સે.	૧૯.૦° સે.
ભરૂચ	૩૯.૦° સે.	૨૨.૦° સે.
વ્યારા	૩૬.૦° સે.	૧૯.૦° સે.

ખોલવડમાં રહેતાં નિવૃત્ત મહિલા આરોગ્ય કર્મચારી સાથે સાયબર ફ્રોડ

ડિજિટલ એરેસ્ટ કરી 34 લાખ પડાવી લીધા

ગોલ્ડ લોન લેવા જતાં બેંક કર્મચારીએ દુબઈ રહેતી પુત્રીને જાણ કરતાં ભાંડો ફૂટ્યો

1

Your Bank
તમારા ખાતામાં મની લોન્ડરિંગના રૂપિયા 2,00,00,000/- જમા થયા છે.
₹ 2,00,00,000/-
Credit Received
તમારા ખાતામાં મની લોન્ડરિંગના રૂપિયા બે કરોડ જમા થયા છે

2

તમારી સામે નાસિક પંચવટી પોલીસ મથકમાં ફરિયાદ થઈ છે

3

તમારે રૂ.50 લાખ જમા કરાવવા પડશે.
₹50,00,000/-
તમારે રૂપિયા 50 લાખ જમા કરાવવા પડશે

કામરેજ : ખોલવડ નજીક ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા નિવૃત મહિલા આરોગ્ય કર્મચારીને ડીજીટલ એરેસ્ટના બહાને રૂપિયા 34 લાખ કઢાવી લઈને છેતરપિંડી કરી હતી.

કામરેજ તાલુકાના ખોલવડ ગામની હદમાં આવેલી ગાયત્રીનગર સોસાયટીમાં મકાન નંબર 113 માં નિવૃત આરોગ્ય કર્મચારી મોક્ષાબેન દશરથલાલ મોદી રહે છે. તેમની પુત્રી તન્વી પતિ સાથે દુબઈમાં રહે છે. દરમિયાન તા.8-9-26ના રોજ સવારે અજાણ્યા નંબર વોટસઅપ ફોન આવ્યો હતો. જેમાં ફોન કરનારએ મહારાષ્ટ્રના નાસિક પોલીસ મથકમાંથી સંદિપ રાવ બોલુ છું તમારુ પર્સ ખોવાયુ હતુ એવી પુછપરછ કરતાં વર્ષ 2021માં ભરૂચ ખાતે ખોવાયુ હોવાનુ જણાવ્યુ હતું. ફોન કરનારે વધુમાં જણાવ્યું હતું કે, તમારા આધારકાર્ડનો ઉપયોગ કરીને કેનેરા બેંકમાં ખાતુ ખોલવામાં આવ્યુ છે અને તે ખાતામાં મની લોન્ડરિંગના રૂપિયા બે કરોડ જમા થયા છે. તમે ખોટી એડવટાઈઝીંગ તેમજ ચાઈલ્ડ પોનોગ્રાફિના વિડિયો પબ્લિસ કરીને કમાઈ ખોટો ટ્રાન્ઝેકશનો થયા છે. તમે જી-3 રોજીત સિટી સેન્ટર, નાસિકની દુકાનમાં કર્યા હોવાથી નાસિક પંચવટી પોલીસ મથકમાં ફરિયાદ થઈ છે. તમારા જેવા બીજા 248 લોકો સામેલ છે જેમાં 180 લોકોની ધરપકડ કરવાની બાકી છે. તેમ કહીને એડીશનલ ડીજીપી પાટીલ સાહેબને ફોન આપુ છુ તેમ કહીને પાટીલ સાહેબએ સંદીપ રાવએ કહેલી વાત કરી હતી. બાદમાં બે વ્યકતિની ધરપકડ કરી હોય એવા ફોટા મોકલ્યા હતાં. બાદમાં થોડીવારમાં સંદીપ રાવએ તમને ડીજીટલ એરેસ્ટ કરવામાં આવે છે અને બે કલાકે લાઈવ ફોટા સાથે વોટસઅપમાં હાજર રહેવુ પડશે તેમજ સવારે અને રાત્રે મેસેજ કરવો અને અમારી મંજુરી વિના ઘરની બહાર જવુ નહી તેમ કહેતા મોક્ષાબેનને ફોટા મોકલતાં હતાં. સંદીપ રાવએ એટીએમ તેમજ બે કરોડના ટ્રાન્જેકશન વાળુ બેંક સ્ટેટમેન્ટ મોકલ્યુ હતું. ફોરેન એક્સચેન્જ એકટ અને પ્રિવેનશન ઓફ મની લોન્ડરીંગ એકટ નાણા મત્રાલય મહેસુલ વિભાગનો સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા લખેલો કોર્ટનો એરેસ્ટ વોરંટ વોટસઅપ દ્વારા મોકલ્યો હતો. આની જાણ જો કોઈને કરશો તો અઢી લાખનો દંડ અને બે વર્ષની સજા થશે. સંદીપ રાવે આધારકાર્ડ, બેંકની માહિતી, બેંક એફડી,ગોલ્ડ લોકર નંબર 70, એયુ બેંકમાં ચાલતી પાંચ એફડી, એસબીઆઈ ખાતાની માહિતી, દુકાન,મકાન સહિત મિલ્કતની માહિતી માગી હતી. જો કેસમાંથી નિર્દોષ નિકળવુ હોઈ તો તમારે રૂ.50 લાખ જમા કરાવવા પડશે તેવી વાત મોક્ષાબેન ગભરાઈ ગયા હતાં.અલગ અલગ બેંકોમાં રહેલી એફડી અલગ અલગ તારીખે રૂ.34 લાખ બળજબરીથી કઢાવી લીધા હતા .ગત તા.17મી સપ્ટેમ્બરના રોજ એયુ બેંકમાં ગોલ્ડ લોન લેવા જતાં બેંકમાં કામ એચ.આર તરીકે પુત્રી કામ કરતી હોવાથી બેંકમાં કામ કરતાં કર્મચારીએ મોક્ષાબેનની પુત્રીને દુબઈ જાણ કરી દેતા મોક્ષાબેનને ઓન લાઈન ફ્રોડ થયો હોવાનુ જણાવી હવે કોઈ ટ્રાન્જેકશ ન કરવા જણાવ્યુ હતુ. જે અંગે કામરેજ પોલીસ રૂપિયા 34 લાખનુ ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

કઠવાડા ગામમાં ઝૂલતા વીજતારનો તણખો ઝરતા શેરડીનો પાક ખાખ

વીજ કંપનીની ગંભીર બેદરકારીને કારણે ખેડૂતને સાત લાખનું નુકસાન

હથોડાઃ માંગરોળના કઠવાડા ગામે વીજ કંપનીની ગંભીર બેદરકારીને કારણે વીજ લાઇનમાંથી તણખો ઝરતા શેરડીનો પાક સળગી ગયો હતો. આ બનાવમાં ખેડૂતને સાત લાખનું નુકસાન થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર કઠવાડા ગામના ખેડૂત અને તાલુકા યુવક કોંગ્રેસ સમિતિના પ્રમુખ જયેન્દ્રસિંહ મોતીસિંહ કઠવાડિયા શેરડીની ખેતી કરે છે. જેમના ખેતરમાંથી પસાર થતી મુખ્ય વીજ લાઇનના વાયર અડી જતાં સ્પાર્કિંગ થવાથી ઊભા શેરડીના પાકમાં ભયાનક આગ લાગી હતી. આ દુર્ઘટનામાં આશરે ૭ લાખ રૂપિયાની કિંમતનો 5 વીઘાંનો શેરડીનો પાક બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગયો છે. બ્લોક નંબર-૭૬વાળા

ખેતરમાં ૧૯૭૬ની સાલમાં પાલોદ (હાલ) હથોડા સબ સ્ટેશનમાંથી વીજ લાઇન નાંખવામાં આવી હતી. આ લાઇનના થાંભલા જર્જરિત થઈ ગયા છે અને વાયર જમીનથી માત્ર ૯થી ૧૦ ફૂટ જેટલી નીચી ઊંચાઈએ લટકી રહ્યા હતા. દરમિયાન ખેતરમાં ઊભેલા શેરડીના પાકના પાંદડા સાથે વીજ વાયર અડી જતાં આગ લાગી હતી. હાલમાં શેરડી ફેક્ટરી ચાલુ ન હોવાથી પાકનો નિકાલ થઈ શક્યો ન હતો. જેના કારણે ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ખેડૂતોનો આક્ષેપ છે કે, કઠવાડાના તમામ ખેડૂતો દ્વારા કોસંબા વિદ્યુત બોર્ડના અધિકારીઓ અને ફીલ્ડ કર્મચારીઓને અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ૧૯૭૬માં નાંખવામાં આવેલા આ જર્જરિત થાંભલા અને વાયરો નીચે નમી ગયા હોવા છતાં આજદિન સુધી તેનું સમારકામ કરાયું નથી. ખેડૂતે વિદ્યુત બોર્ડના ડેપ્યુટી એન્જિનિયર અને કોસંબા વીજ કંપનીને લેખિત રજૂઆત કરી તેમના ખેતરમાંથી આ જોખમી વીજ લાઇન તાત્કાલિક દૂર કરવામાં આવે અથવા નવી નાંખવામાં આવે એવી માંગ કરી છે. સાથે જ વીજ કંપનીની ક્ષતિના કારણે થયેલા રૂ.૭ લાખના આર્થિક નુકસાનનું યોગ્ય વળતર ચૂકવવામાં આવે અને ન્યાય આપવામાં આવે તેવી પણ રજૂઆત કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

કુંવારદામાં ભંગારના વેપારી સામે ગુનો

હથોડાઃ કુંવારદા ગામે કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ ભંગારના વેપારી સામે કોસંબા પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે. કોસંબા પોલીસ સ્ટેશનના જમાદાર સુરેશભાઈ માનસિંગભાઈએ કુંવારદા ગામની નીલકંઠ સોસાયટી નજીક તપાસ હાથ ધરી હતી. ત્યાં ભંગારની દુકાન ચલાવતા મૂળ હરિયાણાના ૧૯ વર્ષીય મોહમ્મદ શાદ અશરફ પાસે ભંગાર વેચનાર કે ફેરિયાઓના આઈડી પ્રૂફ, ખરીદેલા જથ્થાની વિગત અને કોન્ટેક્ટ રજિસ્ટર મળી આવ્યું ન હતું. નિયમ મુજબ રજિસ્ટર ન નિભાવતા કલેક્ટરના જાહેરનામાના ભંગ બદલ પોલીસે તેની સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

વાલોડ APMC ખાતે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનો શુભારંભ

વાલોડઃ ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના અધ્યક્ષ સ્થાને અને તાપી કલેક્ટર દેવ ચૌધરીની ઉપસ્થિતિમાં શનિવારે વાલોડ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ માર્કેટ યાર્ડ ખાતે પ્રાકૃતિક કૃષિ ખેત પેદાશ વેચાણ કેન્દ્રનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ જણાવ્યું કે, આજે ગંભીર બિમારીઓ વધી રહી છે તેનુ કારણ રસાયણયુક્ત ખોરાક છે. પ્રાકૃતિક ખેતી એ સમયની માંગ છે. આ તકે જિલ્લા કલેક્ટર દેવ ચૌધરીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિના ખોળે વસેલા તાપી જિલ્લામાં ખેતી અને પશુપાલન મુખ્ય વ્યવસાય છે. જિલ્લાના ખેડૂતો પોતાના ઘર-કુટુંબ પૂરતી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી તેનો વ્યાપ વધારી શકે છે.

માંડવી નગરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરનારાઓને દંડ ફટકારાયો



માંડવીઃ માંડવી નગરપાલિકાએ પર્યાવરણનો સોથ વાળતા સિંગલ યૂઝ પ્લાસ્ટિકના બેફામ ઉપયોગ સામે હવે આકરું પાણીએ રૂખ અપનાવ્યો છે. કાયદાનો ઉલાળિયો કરી પ્લાસ્ટિકનું વેચાણ અને ઉપયોગ કરનારાં તત્ત્વો સામે પાલિકાએ લાલ આંખ કરી છે, જેના ભાગરૂપે સુપડી વિસ્તારમાં સપાટો બોલાવવામાં આવ્યો હતો. પાલિકાની ટીમે સૂપડી વિસ્તારમાં ઓચિંતું અને સઘન ચેકિંગ હાથ ધરતાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન નિયમોના ધજાગરા ઉડાવતો અંદાજે 20 કિલો જેટલો પ્રતિબંધિત સિંગલ યૂઝ પ્લાસ્ટિકનો જથ્થો ઝડપાઈ ગયો હતો. તંત્રએ જરાય શેહશરમ રાખ્યા વિના કડક કાર્યવાહી કરી, સ્થળ પર જ રૂ.10,000નો આકરો દંડ ફટકારીને કાયદાનું ભાન કરાવ્યું હતું. વેપારીઓને તાત્કાલિક અસરથી પર્યાવરણને અનુકૂળ વિકલ્પો અપનાવી લેવા તાકીદ કરાઈ છે.

ઓલપાડના અંભેટાના પાલ કોટનમાં ચોમાસુ ડાંગર ખરીદીનો પ્રારંભ

સાયણ : ઓલપાડના અંભેટા ગામ ખાતે આવેલ ધી પાલ ગ્રુપ કોટન સેલ સોસાયટીની અંભેટા શાખા ખાતે શનિવારે તા.૩/૧૦/૨૦૨૬ના રોજ ચોમાસુ ડાંગર ખરીદીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ચોમાસુ સિઝનની ડાંગર તૈયાર થઈ જતા ખેડૂતો લાંબા સમયથી ખરીદી શરૂ થવાની રાહ જોઈ રહ્યા હતા. શનિવારે વહેલી સવારથી જ ખેડૂતો ટ્રેક્ટર અને ટ્રોલીઓમાં ડાંગર ભરીને મંડળી ખાતે પહોંચી ગયા હતા. મંડળીના વજનકાંટા પર શ્રીફળ વધેરી અને કંકુ-ચોખાથી વધામણા કરીને પ્રથમ ટ્રેક્ટરનું વજન કરવામાં આવ્યું હતું અને ખરીદીનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે મંડળીના પ્રમુખ કાંતિભાઈ પૂજ્યાભાઈ પટેલ, ડિરેક્ટરો, સેક્રેટરી સહિતના હોદ્દેદારો, કર્મચારીગણ અને આસપાસનાં ગામોના અગ્રણી ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મોટા બોરસરામાં મશીનમાં આવી જતાં મહિલાનું મોત

હથોડાઃ મોટા બોરસરા GIDC ખાતે આવેલી શ્રીયાસ વેસ્ટેજ મટિરિયલની ફેક્ટરીમાં થ્રેસર મશીન ઉપર બેસી વેસ્ટેજ પ્લાસ્ટિક થ્રેસરમાં નાંખતી વખતે આકસ્મિક રીતે શ્રમજીવી મહિલા પ્રિયંકાદેવી શિવેન્દ્ર લલ્લુરામ દુબે (ઉં.વ.23) (હાલ રહે.,મુન્ના એજન્સી, કીમ, મૂળ રહે.,મધ્યપ્રદેશ)ને મોંના ભાગે તથા જમણા હાથે તેમજ શરીર ગંભીર ઈજા થતાં તેનું સ્થળ પર મોત થયું હતું. આ બનાવ અંગે પાલોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બાબેનમાં નહેરમાંથી વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો

બારડોલીઃ બારડોલીના પલસોદ ગામના પટેલ ફળિયામાં રહેતા 61 વર્ષીય મોહનભાઈ રણછોડભાઈ પટેલ શનિવારે અગમ્ય સંજોગોમાં પલસોદ ગામે નહેરમાં ખાબક્યા હતા. પાણીના વહેણમાં તેઓ ડૂબી જવાથી તણાઈ ગયા હતા અને તેમનો મૃતદેહ છેક બારડોલીના બાબેન ખાતે આવેલી સુગર ફેક્ટરી પાછળની નહેરમાંથી મળી આવ્યો હતો. મૃતક મોહનભાઈ અને તેમનાં પત્ની પલસોદ ગામે એકલાં જ રહેતાં હતાં, જ્યારે તેમના સંતાનો વિદેશમાં વસવાટ કરે છે. આજે આધેડ અચાનક ગુમ થઈ જતાં પલસોદના ગ્રામજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી. શોધખોળ દરમિયાન તેમની લાશ નહેરમાંથી મળી આવતા તાત્કાલિક બારડોલી ટાઉન પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસે જરૂરી કાર્યવાહી કરી લાશનો કબજો મેળવ્યો હતો.

રૂપ નિખારવાની જાહેરાત જોવાના ચક્કરમાં ખાતામાંથી ‘રૂપિયા’ ગાયબ!

બલેશ્વર ગામની યુવતીએ ક્રીમની જાહેરાત પર ક્લિક કરતાં જ ‘Zepto’ના નામે ખાતામાંથી ૯૧ હજાર ઉપડી ગયા

પલસાણાઃ પલસાણાના બલેશ્વર ગામમાં રહેતી એક ૨૨ વર્ષીય યુવતી ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બની છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર ફેસ ક્રીમની એક જાહેરાત પર ક્લિક કર્યા બાદ, એક ફેક વેબસાઈટ મારફતે ગઠિયાઓએ યુવતીના બેંક ખાતામાંથી ટુકડે ટુકડે કુલ રૂ.૯૧ હજારથી વધુની રકમ સેરવી લીધી હતી. આ મામલે પલસાણા પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બલેશ્વર ગામના ખાડી ફળિયામાં રહેતાં યોગીતાબેન સંજયભાઈ બૈસાની (ઉં.વ.૨૨) ગત ૨૭ સપ્ટેમ્બર-૨૦૨૬ના રોજ પોતાના મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ જોઈ રહ્યાં હતાં. દરમિયાન તેમને એક ફેસ ક્રીમની પોસ્ટ દેખાઈ હતી. આ પોસ્ટ પર ક્લિક કરતાં જ ‘ZEPTO’ જેવી દેખાતી એક બનાવટી વેબસાઈટ ખૂલી ગઈ હતી અને અચાનક જ તેમના મોબાઈલ પર ઓટીપી અને મેસેજ આવવાનું શરૂ થઈ ગયું હતું. શંકાસ્પદ મેસેજ જોઈને યુવતીએ પોતાના મોટા ભાઈ કિષ્ણાને જાણ કરી હતી અને એકાઉન્ટ બેલેન્સ ચેક કરતાં ખાતામાં માત્ર ૯૦ રૂપિયા જ બચ્યા હોવાનું માલૂમ પડ્યું હતું. ત્યારબાદ બેંક ઓફ બરોડાની બ્રાન્ચમાં જઈને તપાસ કરતા સામે આવ્યું કે, તા.૧૭ ઓગસ્ટ-૨૦૨૬થી ૩૦ ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન અલગ અલગ ટ્રાન્ઝેક્શન મારફતે તેમના ખાતામાંથી કુલ રૂ.૯૧,૦૪૦ ઉપડી ગયા હતા. આ રકમ ZEPTO MARKETPLACE@YESPAY નામની આઈડી ધરાવતા કોઈ અજાણ્યા વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર થઈ ગઈ હતી. પોતાની સાથે સાયબર ફ્રોડ થયાની જાણ થતાં જ યુવતીએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. સાયબર સેલની પ્રાથમિક તપાસ બાદ તા.૨ ઓક્ટોબર-૨૦૨૬ના રોજ પલસાણા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પલસાણા પોલીસ ઈન્સ્પેક્ટર ભગવાન દેવદાન જીલેરિયા આ કેસની વધુ તપાસ ચલાવી રહ્યા છે.

પલસાણા પાસે કન્ટેનરમાં લઈ જવાતાં 19 પશુને બચાવાયાં

રૂ.૧૩.૭૫ લાખના મુદ્દામાલ સાથે બેની ધરપકડ

પલસાણાઃ પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં પોલીસે ગૌરક્ષકોની મદદથી પશુઓની ગેરકાયદે હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. મહારાષ્ટ્રના માલેગાવ ખાતે લઈ જવાતાં પશુઓને બચાવી લેવામાં આવ્યાં છે. પોલીસે બાતમીના આધારે નાની ધામડોદની સીમમાં આવેલા ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવીને એક ટાટા કન્ટેનર ઝડપી પાડ્યું હતું.

પોલીસ હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ બોઘાભાઈની ફરિયાદ મુજબ ગત તા.૨/૧૦/૨૦૨૬ના રોજ રાત્રે સાડા અગિયાર વાગ્યાની આસપાસ પોલીસને બાતમી મળી હતી કે, એક ટાટા કન્ટેનર નં.(GJ 27 TT 6990) એક્સપ્રેસ વે થઈને પસાર થવાનું છે. બાતમીના આધારે પોલીસે નાની ધામદોડ ગામના ઓવરબ્રિજના કટ પાસે તેને અટકાવ્યું હતું. કન્ટેનરમાં તપાસ કરતાં અંદર ૧૮ ભેંસ અને ૧ પાડો ખીચોખીચ ભરેલી હાલતમાં મળી આવ્યાં હતાં. આ પશુઓને યોગ્ય રીતે બેસી પણ ન શકે એ રીતે ટૂંકા દોરડે બાંધવામાં આવ્યાં હતાં અને તેમના માટે ઘાસચારો કે પાણીની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. પોલીસે કન્ટેનરના ચાલક જીસાનભાઈ દાઉદભાઈ મન્સુરી (ઉં.વ.૪૨) (રહે.,જંબુસર, ભરૂચ) અને ક્લીનર ફિરોઝ ઈબ્રાહીમ નાગિયા (ઉં.વ.૪૪) (રહે., ટંકારિયા, ભરૂચ)ની પૂછપરછ કરતાં તેમની પાસે પશુઓના પરિવહન માટેની કોઈ પાસ કે પરમિટ ન હોવાનું જાણવા મળ્યું હતું. આ બંને આરોપી બોરસદથી પશુઓ ભરીને માલેગાંવ લઈ જઈ રહ્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે સ્થળ પરથી ૧૮ ભેંસ કિં. રૂ.૩,૬૦,૦૦૦, એક પાડો કિં. રૂ.૧૫,૦૦૦ અને ૧૦ લાખ રૂપિયાનું ટાટા કન્ટેનર મળી કુલ રૂ.૧૩,૭૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી અને વધુ તપાસ હાથ ધરી છે.

ઉતારા ગામનો યુવાન ગુમ

બારડોલીઃ બારડોલીના ઉતારા ગામના રબારી ફળિયામાં રહેતા સપનાબેનના પતિ મહેશભાઈ મંગુભાઈ રાઠોડ (ઉં.વ.૨૬) ગત તા.૨૬ સપ્ટેમ્બરે બપોરે ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર ક્યાંક ચાલી ગયા હતા. જેમની કોઈ ભાળ ન મળતાં સપનાબેને બારડોલી ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરી હતી.

વ્યારા અને કુકરમુંડામાં બે દીપડા પાંજરે પુરાયા

વ્યારા, કુકરમુંડાઃ વ્યારાના ચાંપાવાડી ગામના પાંઢર ફળિયામાં અંદાજે બેથી અઢી વર્ષનો કદાવર દીપડો શિકારની લ્હાયમાં વન વિભાગ દ્વારા મૂકવામાં આવેલા પાંજરામાં કેદ થયો હતો. દીપડાને રાત્રિ દરમિયાન ગાઢ જંગલમાં છોડી દેવાયો હતો. આ વિસ્તારમાં દીપડાના વધતા ત્રાસને કારણે વન વિભાગે અંદાજે 10 જેટલાં પાંજરા ગોઠવ્યાં છે. બીજી તરફ નિઝર તાલુકાના કોટલી ગામની સીમમાં દાસુભાઈ રેવજીભાઈ મોરેના કપાસના ખેતર પાસેથી પણ વધુ એક દીપડો પાંજરે પુરાયો હતો. અવારનવાર દીપડાની અવરજવરથી સ્થાનિક ગ્રામજનોમાં ભયનો માહોલ હતો, પરંતુ બંને દીપડા ઝડપાતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. વન વિભાગ દ્વારા સુરક્ષિત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પલસાણામાં ફેક્ટરી માલિક સાથે છેતરપિંડી

પલસાણાઃ માખીંગાના વીઆર ઈન્ડ. પાર્કમાં ‘બીએલઆર નીટ ફેબ એલએલપી’ ફેક્ટરી ધરાવતા વેસુના હિમાંશુકુમાર અગ્રવાલ સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. ગત 10 સપ્ટેમ્બરે ચાર કારીગરના પગારના 57,650 અન્ય ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. બીજા દિવસે કારીગરોને નાણાં ન મળતાં સાયબરમાં ફરિયાદ નોંધાવી હતી. પલસાણા પોલીસે ગૌરવકુમાર સામે ગુનો નોંધી તપાસ આદરી છે.

કામરેજમાં ડિવોર્સી મહિલાને લગ્નનું વચન આપી રિક્ષાચાલકે દુષ્કર્મ કર્યું

મહિલાએ લગ્ન કરવા માટે દબાણ કરતાં રિક્ષા ચાલક નાસી છૂટ્યો

કામરેજઃ સુરતના હીરાબાગ વિસ્તારમાં રહેતી અને મૂળ ભાવનગરના તળાજાની પરિણીતાએ લગ્નના બહાને શારીરિક શોષણ કરી ફરાર થઈ જનાર રિક્ષાચાલક સામે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પરિણીતા વર્ષ-૨૦૨૧માં પતિ અને બે બાળકો સાથે કામરેજ ચાર રસ્તા પાસે રહેતી હતી અને લસકાણા ખાતે નોકરી કરતી હતી. નોકરીએ અવરજવર દરમિયાન તેની મુલાકાત રિક્ષાચાલક આનંદ અશોક ઝીઝુવાડિયા સાથે થઈ હતી. સમય જતાં આ મુલાકાત પ્રેમસંબંધમાં પરિણમી હતી. ૧૦ જાન્યુઆરી-૨૦૨૩ના રોજ પતિની ગેરહાજરીમાં આનંદે પરિણીતાના ઘરે આવી લગ્નનું વચન આપી શારીરિક સંબંધ બાંધ્યો હતો. બાદ બંને વચ્ચે અવારનવાર સંબંધ બાંધવામાં આવ્યા હતા. આ બાબતની જાણ પતિને થતાં દંપતી વચ્ચે ઝઘડા થવા લાગ્યા હતા, જેના પરિણામે ૨૭ મે-૨૦૨૩ના રોજ પરિણીતાએ પતિથી છૂટાછેડા લઈ લીધા હતા. છૂટાછેડા બાદ આ ડિવોર્સી મહિલા આનંદ સાથે કામરેજની અલગ-અલગ સોસાયટીઓમાં રહેવા લાગી હતી. દરમિયાન આનંદે લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ ચાલુ રાખ્યા હતા. જ્યારે મહિલાએ તેની પાસે લગ્નનો આગ્રહ રાખ્યો, ત્યારે આરોપી આનંદ તેને છોડીને ભાગી ગયો હતો. પ્રેમમાં દગો મળતાં અને શારીરિક શોષણનો ભોગ બનેલી પરિણીતાએ આખરે કામરેજ પોલીસ સ્ટેશનમાં આનંદ ઝીઝુવાડિયા સામે ગુનો ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Milano
MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion
10:00am, 12:00pm,
01:00pm, 03:00pm,
04:00pm, 06:00pm,
07:00pm, 09:00pm,
09:30pm, 10:00pm
The Paradise - 11:00am
Prem Keetnu - 02:15pm
The Vvaan - 05:15pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333



જાહેર ચેતવણી

અમો નીચે સહી કરનાર શૈલેષભાઈ નગીનભાઈ પટેલ, રહે.:- ૧૪, નવદુર્ગા સોસાયટી, બારડોલી, જી. સુરતના આથી જાહેર ચેતવણી આપી જણાવીએ છીએ કે આ સાથે ફોટામાં જણાવેલ વ્યક્તિ **રાજ શૈલેષ પટેલ** હમારો પુત્ર થાય છે. જે છેલ્લા ઘણાં સમયથી હમારા કહ્યામાં નથી અને તેમની મરજી મુજબની જીંદગી જીવે છે. જેથી હમોએ તેઓની સાથેના પુત્ર તરીકેના તમામ પ્રકારના સંબંધો તોડી નાંખ્યા છે. અને **હમોએ હમારી સ્થાવર તેમજ જંગમ મિલકતો માંથી પુત્ર રાજને હકક, હિસ્સા માંથી બેદખલ કરેલ છે.** જેથી તેની સાથે કોઈપણ વ્યક્તિ, સંસ્થાએ પૈસાની લેતી દેતી કરવી નહીં એકંદરે હમારા રાજ પટેલ સાથે કોઈ સામાજીક સંબંધો રહ્યા નથી કે રાખ્યા નથી. જેથી હવે પછી તેની સાથે કોઈપણ ઈસમ દ્વારા કરવામાં આવનાર આર્થિક, સામાજીક વ્યવહારો બાબતે હમારી કોઈ જવાબદારી રહેશે નહીં, તેમજ તમામ સ્થાવર તથા જંગમ મિલકતો માંથી રાજ પટેલને બેદખલ કરેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૨-૧૦-૨૦૨૬

લિ. શૈલેષભાઈ નગીનભાઈ પટેલ

જાહેર ચેતવણી/ખરીદનાર સાવધાન

મોજે ગામઃ કોસમડી, તા.અંકલેશ્વર, જીલ્લોઃ ભરૂચના બ્લોક/સર્વે નં.૮૬ વાળી જુની શરતની ખેતીની જમીન બાબત.

ભરૂચ ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ તાલુકા અંકલેશ્વર, મોજે **ગામઃ કોસમડી**ની સીમમાં આવેલ **બ્લોક/સર્વે નં.૮૬**, જેનો ખાતા નં.૩૫૮ વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ હે.આરે.૨-૨૦-૫૫ ચો.મી.યાને ૨૨૦૫૫ ચો.મી.વાળી જુની શરતની ખેતીની જમીન, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક અધિકાર સહીતની કુલ્લે દરોબસ્તના માલિક એવા **ઝીયાઉદ્દીન મહમદ મહેતા**ની માલિકી, મુખત્યારપણાની ચાલી આવેલ. મારા અસીલે સદરહુ જમીન તેના ઉપરોકત માલિક કનેથી કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ રાખવા નકકી કરી તેના વેચાણ અવેજની મસમોટી રકમની ચુકવણી કરી તેવી રકમની ચુકવણી અંગેના તમામ લખાણો ઝીયાઉદ્દીન મહમદ મહેતા તથા તેઓની શાખાના વારસોએ મારા અસીલની તરફેણમાં લખી આપેલા અને મારા અસીલના સદર જમીનના વેચાણ લેવાના તેવા તમામ હકક તથા અધિકારો આજદિન સુધી ચાલુ રહેલા. ઝીયાઉદ્દીન મહમદ મહેતા સને : ૨૦૨૧ માં ગુજરી જતા તેઓની શાખાના તમામ વારસોને મજકુર જમીન અંગેનો રજીસ્ટર્ડ દસ્તાવેજ મારા અસીલની તરફેણમાં લખી આપવા અવારનવાર જણાવવા છતાં તેઓ તરફથી યેનકેન પ્રકારે સમય પસાર કરી ગલ્લા તલ્લા કરતા આવેલ અને છેવટે મર્હુમના મરણના બે વર્ષ બાદ રેકર્ડ ઓફ રાઈટ્સ દફતરે મારા અસીલે તમામ વારસોના નામ દાખલ કરાવેલા. ઉપરોકત હકિકત હોવાછતાં, હાલમાં, રેવન્યુ રેકર્ડની તપાસ કરાવતા સદરહુ જમીન મારા અસીલની જાણ બહાર મર્હુમ ઝીયાઉદ્દીન મહમદ મહેતાના વારસોએ અસ્મીતા રમેશભાઈ ગોધાણી અને મોહિત રમેશભાઈ ગોધાણીની તરફેણમાં ગેરકાયદેસરના લખાણો, દસ્તાવેજો ઉભા કરી કરાવડાવી તેના આધારે માલિકી હકક બતાવી મજકુર જમીન અન્ય ત્રાહિત ઈસમો/વ્યકિતને વેચાણ, ટ્રાન્સફર કે તબદીલ કરવા-કરાવવાની તજવીજ કરી રહેલ હોવાનું હાલમાં મારા અસીલની જાણમાં આવેલ છે અને તેમ કરીને **ડો. ફજલેકરીમ ઝીયાઉદ્દીન મહેતા, વિગેરે,** આણીમંડળીએ મારા અસીલ જોડેના વ્યવહારમાં શરૂઆતથી જ ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી કરીને મારા અસીલના મજકુર જમીનમાં રહેલ કિંમતી હકકો ડુબાડી દઈ ગંભીર ફોજદારી ગુનો આચરેલ છે, જે અંગે મારા અસીલે તેઓ તમામ વિરૂધ્ધ ફોજદારી તેમજ સીવીલ રાહે કાયદેસરની કાર્યવાહી આરંભેલ હોય, જેથી કોઈપણ ત્રાહિત વ્યકિત, સંસ્થા યા ઈસમોએ મજકુર જમીન તબદિલી સબંધે કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા કરાવવા નહી તેમછતાં જો કોઈ કરશે કરાવશે તો તેઓને કોર્ટની તકરાર સિવાય કાંઈપણ પ્રાપ્ત થશે નહી અને નાહકના દિવાની તથા ફોજદારી રાહે દાવાદુવી પ્રકરણોમાં સંડોવાવવુ પડશે, જેની લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

ઓ.: પ્લોટ નં.૧૬૯, મારૂતિનગર સોસાયટી, લિબાયત, સુરત.
મો.નં.૮૫૧૧૦-૧૦૬૦૦

સલમાન એફ. મુલતાની
તે મોહંમદ સલીમ ઈસ્માઈલ વ્હોરા તથા ઈમતિયાઝ મોહમદભાઈ દુધવાલાના એડવોકેટ